## ગાંધીનગર મને ગમે છે...



-પારુલબેન એન. ત્રિવેદી

મારૂ ગાંધીનગર રળિયામણું ગાંધીનગર. સ્વચ્છ ગાંધીનગર. ગાંધીનગર એટલે પાટનગર. એના વિશે લખીએ એટલું ઓછું પડે. એના વિકાસની યાત્રા હરણફાળ ભરતી જાય છે. આપણા સૌનું ગાંધીનગર એના વિષે લખવું એટલે ઘણું રોમાંચક લાગે. આજના ગાંધીનગર શહેરે નોંધપાત્ર રીતે પ્રગતિ કરીને સમગ્ર રાષ્ટ્રનું ધ્યાન ખેંચતું નગર બની ગયું છે. અનેક આપત્તિમાં મુકાયા પછી પણ પાછું અનેકાનેક પ્રવૃત્તિ કરતું ધબકતું થઈ ગયું છે. નગરની સેવાભાવી સંસ્થા દ્વારા પગરખાં વિતરણ, કપડાં વિતરણ, અંતિમ સંસ્કારની જરૂરિયાતનો સામાન, અસ્થિ વિસર્જનની પણ સેવા અપાય છે. દરેક સેક્ટરની પોતાની આગવી ઓળખ છે. શહેરની કલા સંસ્કૃતિની અનેક સંસ્થા દ્વારા વસાહતીઓને મનોરંજન પુરૂ પડાય છે. સાહિત્યીક સંસ્થા દ્વારા જ્ઞાન પણ પીરસાય છે.

પંચતારક હોટલ તથા રેલ સુવિધાની તાજેતરમાં જ ભેટ મળી છે. દરેક જોવાલાયક સ્થળો, મંદિરો અને ઉદ્યોગોની એક આગવી ઓળખ છે. ગાંધીનગર શહેરના સેક્ટર-૧૬ને હું ક્યારેય ભુલી નહીં શકું. બાળપણનો પાયો જ ત્યાં વીત્યો. ફક્ત ૮ દિવસ મોટું ગાંધીનગર આજે મહીના અને વર્ષ પ્રમાણે સાથે જ પ્રૌઢાવસ્થામાં પ્રવેશી ચુક્યા છીએ. આગામી વર્ષોમાં પણ સાથે જ વસવાટ કરીએ અને નગરમાં રહેવાનો આનંદ મેળવીએ.

અને સમાપનમાં ગાંધીનગર સમાચારનો ખુબ જ આભાર. આવા લેખ લખવાનો અને લ્હાવો આપવા બદલ તથા અનેક પ્રવૃત્તિમાં સહભાગી થવા બદલ આપની અંતઃકરણપૂર્વક ઋણી છું.

# ભીનો-સૂકો કચરો અલગ રાખવા પ્રજાને તાકીદ

### સૂકો કચરાને રીસાઈકલ અને ભીના કચરામાંથી વર્મીકમ્પોસ્ટ બનાવી શકાય તે હેતુથી સૂકો-ભીનો કચરો અલગ કરવો અનિવાર્ય








ગાંધીનગર, તા. ૦૬

ગાંધીનગરમાં ઘણા સમયથી મનપા દ્વારા કચરાનો યોગ્ય રીતે નિકાલ થાય તે માટે ભીનો સૂકો કચરો અલગ આપવા માટે નાગરિકોને તાકીદ કરવામાં આવી રહી છે. તેમ છતાં શહેરીજનો દ્વારા આ નિયમોનું પાલન કરવામાં આવી રહ્યું નથી. ગાંધીનગર મનપાના ડોર ટુ ડોર કચરો લેતા કર્મચારીઓ જે કચરો લેવા માટે દરેક વિસ્તારમાં જાય છે તેમના દ્વારા માઈકથી સૂચના આપવામાં આવે છે કે ભીનો અને સૂકો કચરો અલગ અલગ રાખવો નહી તો લેવામાં આવશે નહી. પરંતુ હજી સુધી ગાંધીનગર મનપાના આ નિયમોનું યોગ્ય રીતે પાલન કરવામાં આવી રહ્યું નથી. ભવિષ્યની કાળજી રાખવા માટે જનતાના હિત માટે બનાવેલા આ નિયમોનું પાલન જનતા દ્વારા જ કરવામાં આવી રહેલ નથી. શહેરમાં ઠેર ઠેર કચરાપેટીઓ મુકવામાં આવી છે. જેમાં જાહેર સ્થળોને ધ્યાનમાં રાખીને કચરો યોગ્ય જગ્યાએ ફેંકાય તે માટે કચરાપેટી મુકવામાં આવી છે તેમ છતા નાગરિકો જેમ જેમ કચરો ફેંકીને ગંદકીના દૃશ્યો ઉભા કરે છે. બાગ-બગીચા હોય કે શાકમાર્કેટ હોય જ્યાં નાગરિકોની અવરજવર રહે છે તે તમામ જગ્યાઓ ઉપર કચરાપેટી જોવા મળે જ છે તેમ છતાં કચરો જ્યાં ત્યાં નાખેલો જોવા મળી રહ્યો છે.

સૂકો અને ભીનો કચરો અલગ થાય તો જ તેનો યોગ્ય નિકાલ અને પ્રોસેસીંગ થઈ શકે. ભીના કચરાથી નેચરલ ખાતર બનશે તેથી ખેડૂતો, લેન્ડસ્કેપીંગ અને ગ્રીનરી માટે ઉપયોગ થઈ શકે. સૂકો કચરો અલગ થશે તો કચરા વિણતા માણસોની આવક વધશે અને એ સૂકા કચરાના અલગ અલગ પ્રકારના પ્લાસ્ટિક, કાચ વગેરે અલગ થઈ શકશે તેના કારણે ઈન્ફેક્શન પણ નહી થાય. ભીનો અને સૂકો કચરો એક થાય તો ઈન્ફેક્શન થાય છે અને સાથે સાથે જ્યારે ભીનો કચરો પ્રાણીઓ ખાય છે ત્યારે કાચ, પ્લાસ્ટિક કે એવા પદાર્થ તેના પેટમાં જાય છે એટલે તેનું મૃત્યુ થાય છે.

ગાંધીનગરને ક્લીન સીટી બનાવવા માટે શહેરના નાગરિકોએ તંત્રને સાથ સહકાર આપવો અનિવાર્ય રહેશે. શહેરીજનો સ્વયં રીતે જાગૃતતા કેળવે તે ખૂબજ જરૂરી છે. ઉપરાંત હાઈ રાઈસ બિલ્ડીંગના રહીશો બધો કચરો ભેગો કરીને નીચે ચોકીદારને આપી દેતા હોય છે પરંતુ ચોકીદારને ઓછી સમજણના કારણે અમુક ફ્લેટમાં કચરાનું યોગ્ય વર્ગીકરણ થાય તે પણ ખૂબ જરૂરી છે.

### કચરાના નિયમોનું સૂરસૂરિયું

સૂકા કચરાને રીસાઈકલ કરી શકાય અને ભીના કચરામાંથી વર્મીકમ્પોસ્ટ બનાવી શકાય તે હેતુથી બંને કચરાને અલગ અલગ રાખવાની જોગવાઈ કરવામાં આવી છે. કચરાનો પણ ઉપયોગ કરી શકાય અને પર્યાવરણના જતન સાથે આર્થિક સહયોગ પણ મળી રહે તે હેતુથી બંને કચરાને અલગ અલગ રાખવાની જોગવાઈ સ્વચ્છતા સર્વેક્ષણમાં રાખવામાં આવી છે. શહેરીજનો દ્વારા આ નિયમોનું યોગ્ય પાલન ન થવાથી નિયમોનું સૂરસૂરિયું થઈ ગયું છે.

# નવા સેક્ટરોમાં ખંડેર બની રહેલા સરકારી દવાખાનાના બિલ્ડીંગ

### સે.૩ અને સે.૪માં સરકારી દવાખાનામાં ઓપીડી જ શરૂ ના કરાતાં મકાનો ખંડેર બન્યાં : સે.૭માં ચાલતું સરકારી દવાખાનું પણ બંધ કરાયું : જો ઓપીડી તથા અન્ય સુવિધા શરૂ કરવામાં આવે તો મધ્યમવર્ગીય અને જરૂરિયાતમંદ નાગરિકો માટે હિતકારક બને






ગાંધીનગર, તા.૦૬

કોરોના મહામારીના આટલાં કહેર છતાં સરકારી તંત્રએ કોઈ બોધપાઠ લીધો હોય તેવું જણાતું નથી. શહેરમાં નવા સેક્ટરોમાં દવાખાનાઓ માટે તૈયાર મકાનો પડ્યાં પડ્યાં ખંડેર થઈ જવા પામ્યાં છતાં તેમાં ઓપીડી શરૂ કરવાનું કે તેનો જાહેર આરોગ્યના હિતમાં ઉપયોગ કરવાનું વિચારાતું નથી. જો વહિવટી તંત્ર ઈચ્છે તો શાળાઓની જેમ દવાખાના પણ ખાનગી તબીબોને ચોક્કસ શરતોએ લીઝ પર ચલાવવા આપી શકે જેથી મકાનનો ઉપયોગ પણ થાય, નાગરિકોને નજીકમાં સ્વાસ્થ્ય લક્ષી સુવિધા મળે અને વહીવટીતંત્રને આવક પણ થઈ શકે છે.

ગાંધીનગરના સેક્ટર-૩ અને સેક્ટર-૪માં ઘણા વર્ષોથી સરકારી દવાખાના માટેના મકાન તૈયાર હોવા છતાં તેમાં ઓપીડી જ શરૂ ના કરાતાં મકાનો ખંડેર બની જવા પામ્યાં છે જ્યારે સેક્ટર-૭માં ચાલતું સરકારી દવાખાનું પણ બંધ કરી દેવાયું છે. સે.૩ અને સે.૪ના સરકારી દવાખાનાના ખંડેર બની ગયેલાં મકાનોની આસપાસ ઝાડી ઝાંખરા અને ઝુંપડપટ્ટીઓ વધી જવા સાથે અસામજિક તત્વો માટે આ ખંડેર મકાનો અડ્ડા સમાન બની રહ્યાં છે. સેક્ટર-૩નું સરકારી દવાખાનું તો બનાવાયા પછી તેનું ઉદ્ઘાટન જ કરવામાં આવ્યું નથી આ અંગે ભૂતકાળમાં સ્થાનિક નાગરિકો દ્વારા અનેક રજુઆતો ઉપરાંત આંદોલન પણ કરવામાં આવી ચુક્યું છે. શહેરના પ્રથમ મેયર મહેન્દ્રસિંહ રાણાએ જે તે સમયે જાત મુલાકાત લઈને આ દવાખાનાને શરૂ કરવાનું વચન આપ્યું હતું જેને વહીવટીતંત્ર દ્વારા સિફતથી ભુલાવી દેવામાં આવ્યું છે. જો આ બંને સેક્ટરના દવાખાનાઓમાં ઓપીડી તથા અન્ય સુવિધા શરૂ કરવામાં આવે તો આજુબાજુના વિસ્તારના મધ્યમવર્ગીય અને જરૂરિયાતમંદ નાગરિકોને ફાયદો મળે તેમ છે.

### શાળાઓની જેમ દવાખાના પણ લીઝ પર આપી શકાય

એક તરફ રાજકિય ચડસાચડસીમાં મહોલ્લા ક્લિનિક કે તે પ્રકારની અન્ય સુવિધાઓ ઉભી કરવાનાં "ગાજર" લટકાવતું સત્તાતંત્ર શહેરમાં પહેલેથી જ સરકારી દવાખાનાં માટે તૈયાર મકાનો હોવા છતાં તેમાં આરોગ્ય કેન્દ્ર શરૂ કરીને સ્વાસ્થ્ય લક્ષી સુવિધાઓ પુરી પાડવામાં ઉણું ઉતરી રહ્યું છે તે જોતાં તેમાં દવાખાના શરૂ થાય તે મુશ્કેલ લાગી રહ્યું છે. આ સામે કેટલાંક જણકારોનો મત એવો પણ છે કે કેટલાંક ખાનગી તબીબો દ્વારા શહેરમાં તેમની હોસ્પિટલ કે દવાખાના શરુ કરવા જગ્યા ફાળવણીની માંગ કરવામાં આવી છે તો જો વહિવટી તંત્ર ઈચ્છે તો શાળાઓની જેમ દવાખાના પણ આવા ખાનગી તબીબોને ચોક્કસ શરતોએ લીઝ પર ચલાવવા આપી શકે જેથી મકાનનો ઉપયોગ પણ થાય, નાગરિકોને નજીકમાં સ્વાસ્થ્ય લક્ષી સુવિધા મળે અને વહીવટીતંત્રને આવક પણ થઈ શકે છે.



## શંકરાચાર્ય જયંતીએ પૂજન-અર્ચન

ગાંધીનગરના સમદર્શન આશ્રમ, સેક્ટર-૧ માં આજે આદિશ્રી શંકરાચાર્યજીની જન્મજયંતીએ ભક્તિભાવપૂર્વક પૂજા અર્ચના થઈ હતી. પરમ પૂજ્ય ગુરુમા સમાનંદજી સરસ્વતીના સાંન્નિધ્યમાં આજે વહેલી સવારથી ભગવાન શંકરાચાર્યજીની ષોડશોપચાર પૂજા કરવામાં આવી હતી. ભાવિક ભકતોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને પૂજા અર્ચનામાં ભાગ લીધો હતો.

## આજે સે-૩-સીમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૦૬

મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા ગોમતીબેન પ્રજાપતિ સેકટર-૩-સી, પ્લોટ નં. ૪૯૨/૧માં ૭ મે ના રોજ રાત્રે ૮ થી ૧૧ વાગ્યા સુધી આનંદનો ગરબો યોજાશે. સર્વેભાવિ ભકતોને પધારવા ભાવસાર પ્રફુલ્લાબેન બાબુલાલ દ્વારા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ગાંધીનગર ખાતે સિદ્ધપુર હિતવર્ધક મંડળનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૦૬

સિદ્ધપુરના વતની હોય અને ગાંધીનગરમાં નોકરી - વ્યવસાય અર્થે રહેતા હોય એવા પરિવારો વચ્ચે સ્નેહ સેતુ જળવાઈ રહે એ માટે સિદ્ધપુર હિતવર્ધક મંડળ ચલાવવામાં આવતું હતું. આવા મંડળની સ્થાપના ઘણાં વર્ષો પહેલાં કરવામાં આવી હતી. જે અન્વયે સ્નેહ મિલન, તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ, સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવતું હતું. છેલ્લાં થોડાં વર્ષોથી આ મંડળ સુષુપ્ત હતું, જેને તાજેતરમાં ફરી કાર્યરત કરવામાં આવ્યું. નિવૃત્ત ચીફ ટાઉન પ્લાનર અને આર્કિટેકટ શિવકુમાર વર્મા અને બીજા વડીલો આ મંડળમાં ખૂબ રસ લેતા હતા, એમણે જ એની રચના કરી હતી. તાજેતરમાં જૂના અને નવા સભ્ય પરિવારો માટે સ્નેહમિલન અને પરિચય વિધિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. લગભગ ચાલીસ જેટલા પરિવારો આ મિલનમાં જોડાયા હતા. આ મંડળની એક ખૂબી એ કે જ્ઞાતિ - જાતિના ભેદભાવ વિના સિદ્ધપુરના વતની હોય એ એમાં સભ્ય બની શકે છે. આ સ્નેહ મિલન સમારોહમાં મુકેશભાઈ પરીખ અને વિજયભાઈ ઠાકરે ઉપસ્થિત સહુનું સ્વાગત કરી મંડળની ભૂમિકા રજૂ કરી હતી. સંચાલન પ્રજ્ઞાબેન પટેલે કર્યું હતું. આ પ્રસંગે દિવંગત સ્વજનો માટે મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

# શહેરના બજારોમાં અથાણાની કેરીનું આગમન

### ચણા-કેરી-લસણ-મેથીનું અથાણું બધા જ અથાણા પૈકી હોટ ફેવરિટ ગણાતું અથાણું









ગાંધીનગર, તા. ૦૬

શહેરમાં બજારોમાં અથાણાની કેરીઓની આવક થઈ ચૂકી છે. ગૃહિણીઓ દ્વારા તેની ખરીદી કરવામાં આવી રહી છે. આપણા જીવનમાં ખોરાકનું મહત્વ અનેરૂ છે પરંતુ સ્વાદ એટલો જ જરૂરી છે. ખોરાકને વધુ સ્વાદિષ્ટ સુપાચ્ય બનાવવા સ્વાદનો સુમેળ હોવો જરૂરી છે. સ્વાદનો વધારો કરવા જુદી જુદી સંગ્રહની પદ્ધતિઓ વિકસાવવામાં આવી તેમાં અથાણાં એ ખૂબજ મહત્વના છે. જુદી જુદી જાતના અથાણાં અનેક ખાદ્ય પદાર્થોમાંથી બનાવવામાં આવે છે. દરેક સીઝનની વસ્તુને બાર મહિના રાખવા માટે અથાણા પણ છે. જેમકે ગુંદા ખાટા આથીને, રાઈવાળા કરીને, સૂકવીને ખાટી કેરી સાથે, ગોળ કેરી સાથે તેમજ ગાજર ખમણીને આથીને વગેરે. કાચી કેરીના જુદા જુદા અથાણા કરી સંગ્રહ કરી સ્વાદ એ પોષણ બન્ને જળવાઈ રહે છે. જુદી જુદી જાતના ફળો જેવા કે કેરી, લીંબુ, ગુંદા, બોર વગેરેનો ઉપયોગ અથાણા બનાવવામાં થાય છે.

અથાણાની રીત પ્રમાણે તેલ અને ગોળમાં રાઈ, મેથી, ધાણાના કુરિયા સાથે બનાવવામાં આવે છે. જેથી સપ્રમાણ અથાણા ખાવાથી પાચનનું કામ કરે છે. ખોરાકને પચાવવામાં મદદરૂપ થાય છે. તેમજ ખાટો, તીખો, મીઠો, ખારો વગેરે સ્વાદ હોવાથી ખોરાકમાં સ્વાદનો પણ વધારો કરે છે. આ ઉપરાંત મીઠા, હળદરમાં લીંબુ, કેરડા, ગાજર, ગુવાર વગેરે જાળવી શકાય છે. તેમજ તેલ વગરના અથાણાનું ચલણ પણ વધતુ ગયું છે. એસીટીક એસીડ સાથે અથાણા બનાવવામાં આવે છે. લીલા સૂકા મરચાં રાઈવાળા કરી તાજા તેલમાં લાંબો વખત રાખવા માટે બનાવવામાં આવે છે. જેમાં વીનેગાર એટલે કે એસીટીક એસીડ વાપરી સંગ્રહ કરેલા અથાણામાં તેલ ખૂબ જ ઓછું વાપરવામાં આવે છે. પરિક્ષણનું કામ રસાયણ દ્વારા કરવામાં આવે છે જે સસ્તા પણ પડે છે આવા અથાણા હોટલોમાં તેમજ તૈયાર વેચાણમાં મળતા અથાણાં આ રીતે બનાવવામાં આવે છે. ઘર વપરાશના અથાણાની બનાવટમાં પણ અલગ રીત હોય છે. જેમાં ચણા-કેરી-લસણ-મેથીનું અથાણું સૌથી વધારે સ્વાદિષ્ટ હોય છે અને તે સૌથી વધુ ખાવામાં આવે છે. જેમાં સારી જાતની કાચી કેરી પસંદ કરીને કેરીને ધોઈ છાલ ઉતારીને નાના ટુકડા કરીને તેમાં મીઠું ઉમેરીને, ચણા, મેથી, ધાણા અને લસણના ટુકડાને કેરીના ખારા ખાટા પાણીમાં ૨ થી ૩ દિવસ સુધી ડુબાડી રાખવામાં આવે છે. ત્યારબાદ દરેક ટુકડામાંથી પાણી કાઢી નાખી બધા ટુકડા મિશ્ર કરી તેમાં અથાણાનો મસાલો, તેલ અને એસિટિક એસિડ ઉમેરીને સ્વચ્છ બાટલીમાં ભરીને ૧૫ દિવસ બાદ ઉપયોગમાં લેવાય છે.